# લોકસભાની ચૂંટણી સુરાજય સ્થાપિત કરવા લડવાની છે

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ હિંમતનગરમાં વિજય સંકલ્પ સંમેલનને સંબોધી ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડના ચૂંટણી પ્રચાર કાર્યનો શુભારંભ કરાવ્યો

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર ખાતે સાબરકાંઠા લોકસભા મત વિસ્તાર માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત કરાયેલ વિજય સંકલ્પ સંમેલનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મંગલદીપ પ્રગટાવી ના મુમકીન અબ મુમકીન હૈ અને મોદી હૈ તો મુમકીન હૈ નો સુત્રોચ્ચાર કરાવી લોકસભાની ચુંટણીના ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ ના ચુંટણી પ્રચાર કાર્યનો શુભારંભ કરાવ્યો હતો.

રાષ્ટ્રીય સ્તરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાંચ વર્ષના ટુંકા ગાળામાં થયેલી કામગીરીને બિરદાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ઈમાનદાર દેશભક્ત અને સામાન્ય પરિવારનો માણસ દેશનો વડાપ્રધાન બને તે હેતુથી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવાયા હતા. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ સલામત છે. અમે સત્તા માટે નહીં સેવા કરવા સત્તામાં આવીએ છીએ.

લોકસભાના ચુંટણી જંગમાં એક બાજુ દેશભક્તો અને બીજી બાજુ દેશવિરોધી તત્વો સામ સામે છે. ત્યારે આરપારની લડાઈમાં ભાજપનો વિજય નિશ્ચિત છે. અને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ફરી એકવાર સરકાર બનશે.એવો વિશ્વાસ વ્યક્ત કરતા મુખ્યમંત્રી રૂપાણીએ કોંગ્રેસ મહાગઠબંધન વિશે જણાવ્યું હતું કે, આ મહાગઠબંધન મા ભેળસેળીયા ભેગા થયા છે. આ ઠગ ગઠ બધંન છે. ચોકીદારોથી ચોરો ડરતા હોય છે. કોંગ્રેસ અને તેના મહાગઠબંધનનું એક જ લક્ષ્ય છે. મોદી હટાવો, જયારે ભાજપનું ચુંટણી જીતવાનું લક્ષ્ય ગરીબી હટાવાની અને આતંકવાદને નેસ્ત નાબુદ કરવાનું છે. સ્વરાજયની જેમ સુરાજય સ્થાપિત કરવાના સંકલ્પ સાથે ભાજપ ચુંટણી જંગમાં પુરી તૈયારી સાથે ઉતર્યો છે. ત્યારે ભાજપના ઉમેદવારને જંગી બહુમતથી વિજયી બનાવવા દરેક કાર્યકર્તા કટિબધ્ધ છે.

અગાઉના કોંગ્રેસના શાસનને ભ્રષ્ટાચારી શાસન ગણાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, પંડીત નહેરૂથી લઈને રાજીવ ગાંધી ના શાસન કાળમાં ગરીબો માટે કોઈ જ થયું નથી. જયારે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાંચ વર્ષના શાસનમાં ભાજપ સરકારે ગરીબો સ્વમાનભેર જીવન જીવી શકે તેવી વ્યવસ્થા કરીને યોજનાઓ બનાવી છે.

ભારત સરકારની આયુષ્યમાન યોજના વિશ્વની સૌથી મોટી યોજના બની છે. જેમાં ૫૦ કરોડ લોકોએ આ યોજનાનો લાભ લીધો છે. ઓપરેશનમાં રૂ.૫ લાખનો ખર્ચ આપવામાં આવતો હોવાથી ગરીબ દર્દીઓ માટે આયોજન લાભદાયી બની રહી હોવાનું જણાવતા મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી શાસનમાં દેશહીતને પ્રાધાન્ય આપી રહી છે. એટલે જ ભારતને શક્તિશાળી રાષ્ટ્ર બનાવાનો શુભ સંકલ્પ ભાજપ દ્વારા જ કરાવામાં આવ્યો છે. ભાજપ ભારત માતાને અન્નપૂર્ણા, વિદ્યાના પૂંજ અને લક્ષ્મીના અવતાર સ્વરૂપે જાવે છે.

આ વખતની ચુંટણી ધર્મયુધ્ધ છે ત્યારે દેશ વિરોધી તત્વોને બેલેટથી જવાબ આપવાનું જણાવી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકસભાના ઉમેદવાર દિપસિંહ રાઠોડનું અભિવાદન કરી તેમને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી. કેન્દ્રના રાજયકક્ષાના મંત્રી હરિભાઈ ચૌધરીએ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને સંવેદશીલને લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે બિરદાવી નરેન્દ્રભાઈ મોદીને શક્તિશાળી નેતા ગણાવી તેમના વડાપ્રધાન તરીકેના કાર્યકાલની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સૌનો સાથ સૌનો વિકાસ એ સુત્રને લઈને નરેન્દ્રભાઈ મોદીએ પાંચ વર્ષમાં જે કરી બતાવ્યું તેટલુ કોંગ્રેસ તેના ૭૦ વર્ષના શાસનમાં પણ નથી કરી શકી.






### પ્રાંતિજના ઘડી પાસે કારચાલકે

## એકટીવાને હડફેટે લેતા એકટીવાચાલક મહિલા શિક્ષિકાનું ઘટનાસ્થળે મોત




પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ-હિંમતનગર રોડ ઘડી પાસે કાર અને એકટીવા વચ્ચે અકસ્માતમાં એકટીવા ચાલક મહિલા શિક્ષિકાનુ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયુ હતુ. પ્રાંતિજ તાલુકાના ઘડી પાસે આવેલ તલોદ-હિંમતનગર- સાબરરડેરી રોડ ઉપર હિંમતનગર તરફથી આવતી સીફટ ડીઝાયર કાર- જીજે.૦૧.કેડી.૫૨૨૭નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી રોડની સાઈડમાં જતી એકટીવા જીજે.૯.એજે.૭૦૦૫ને ટક્કર મારતાં એકટીવા ચાલક મહિલા શિક્ષિકા પારૂલબેન સુનીલભાઈ પટેલ કે તેવો ઘડી ખાતે આવેલ સરસ્વતી વિદ્યાલયના શિક્ષિકા રહે. કાલીપુરા કે જેવો એકટીવા સાથે નીચે પડી ગયા હતા.

માથાના તથા શરીરે ઈજાઓ પહોચતા તેવોનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતા ઘટના સ્થળે જઈ અકસ્માતનો ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.



### પ્રાંતિજ ખાતે લોકસભાની ચૂંટણીને પગલે ફલેગ માર્ચ યોજાઈ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તથા ગ્રામ્ય વિસ્તારોમાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રાંતિજ તથા તાલુકામાં ફ્લેગ માર્ગ યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં આવનારી લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈને તંત્ર દ્વારા પ્રાંતિજ તથા તાલુકાઓ સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તથા જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી નિકળી પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી ગ્રામ્ય વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ, હનુમાન ચોક, બજારચોક, ભોઈવાસ, નાની ભાગોળ સહિતના વિસ્તારોમાં ફલેગ માર્ચ યોજાયું હતું. પ્રાંતિજ પી.આઈ. કે. એસ. બ્રહ્મભટ્ટ, પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજ્જર, પ્રાંતિજ પીએસાઈ વી.એન. ચૌધરી સહિત પ્રાંતિજ પોલીસ જવાન તથા સીઆઈએસએફના જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી.

# પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળની જનરલ સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક જનરલ સભા પ્રાંતિજ વી.એસ. રાવલ પીટીસી કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકા નિવૃત કર્મચારી મંડળના સભાસદ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળની જનરલ સભા તા.૨૮-૩-૨૦૧૯ને ગુરૂવારના રોજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ વી.એસ. રાવલ પીટીસી કોલેજ ખાતે યોજાઈ હતી જેમાં પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ મીઠાલાલ એમ.શાહ, ઉપપ્રમુખ ભોળાભાઈ પટેલ, મંત્રી ભકિતભાઈ પટેલ, સહમંત્રી ડાહ્યાભાઈ વણકર, ઓડીટર પ્રવિણચંદ્ર ભાવસાર, મધુભાઈ રાવલ, શંભુભાઈ રાવલ, અરવિંદભાઈ રાવલ તથા હોદ્દેદારો કારોબારી સભ્યો સહિત આ જનરલ સભામાં નિવૃત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત મહેમાનોનું ફુલહાર શાલ ઓઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મૃતક સભાસદોને શ્રધ્ધાંજલી આપીને યાદ કરવામાં આવ્યાં હતા. ૭૫ વર્ષથી ઉપરના સભાસદો સિનીયર સિટીઝનોને ફુલહાર પહેરાવીને બહુમાન કરવામાં આવ્યું હતું અને ગત વર્ષના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૧૭- ૨૦૧૮ના હિસાબો વંચાણે લઈને રજુ કરવામાં આવ્યા હતાં.



# મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન કસ્ટડીમાંથી ફરાર બે આરોપીઓને ઝડપવા પાંચ દિવસ પછી પાંચ ટીમો ફિફાં ખાંડી રહી છે

મોડાસા, તા. ૨૮

મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશને કાલબેલિયા-જોગી ગેંગના બે તસ્કરોને ઝડપી પડી રિમાન્ડ મેળવતા શનિવારની મધ્યરાત્રીએ લોકઅપમાં રહેલા બંને ખૂંખાર શખ્સો લોકઅપના શૌચાલયની જાળી તોડી ફરાર થતા જીલ્લા પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું. ગૃહ વિભાગ સુધી આ ગંભીર ઘટનાની નોંધ લીધી હતી. જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, જીલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ સહીત ૫ ટીમો બનાવી બંને આરોપીઓને ઝડપી પાડવા ધમપછાડા કરી રહી હોવા છતાં ૫ દિવસ પછી પણ બંને આરોપીઓ પકડથી દૂર રહેતા બંને શખ્સો સામે પોલીસનો પનો ટૂંકો પડી રહ્યો છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામા ઝડપાયેલો રાજુ કાલબેલિયા અને મુકેશ જોગી નામના ૨ આરોપી રિમાન્ડ પર હતા તે દરમિયાન ગત શનિવારના દિવસે બન્ને આરોપીને મોડાસા રૂરર પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. મધ્ય રાત્રી પછી શૌચાલયની બારીના સળીયા કાપી આરોપી ફરાર થવામાં સફળ થયા હતા. સમગ્ર મામલો રવિવારના દિવસે પ્રકાશમાં આવતા પોલીસ બેડામાં હડકંપ મચી જવા પામ્યો હતો. ફરજ પરના પોલીસ સ્ટાફને આરોપીઓ ફરાર થયા એ ઘટનાની ગંધ સુદ્ધા પણ ન આવી એ પોલીસ માટે ગંભીર બાબત કહી શકાય. અરવલ્લી પોલીસ માટે આવી બાબત નવાઈ ના કહી શકાય, કેમકે ભૂતકાળમાં પોલીસ પર હુમલો, પોલીસનો દારૂ ચોરાવવો, દારૂ સગેવગે કરવા જેવી અનેક ઘટનાઓમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ નામ બહાર આવતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પર કાળી ટીલી સમાન દાગ લાગ્યા છે. ત્યારે વધુ એક કિસ્સો કસ્ટડીમાથી બે આરોપીઓ ફરાર થવાની ઘટનાએ પોલીસ પર મોટો કાળો ધબ્બો માર્યો છે. છેલ્લા પાંચ દિવસથી એલસીબી, એસઓજી સહિતની પાંચ ટીમોને ફરાર થયેલા આરોપીઓને શોધી નથી શકી, આરોપીઓ સામે લાચાર અને બિચારી પોલીસ માટે શરમજનક ઘટના કહી શકાય, કેમ કે જિલ્લા પોલિસ વડા મયુર પાટીલ પોલીસ પર કડક છાપ ધરાવે ફરજમાં બેદરકારી દાખવનાર સામે પગલાં ભરવામાં માહેર એ પોતે પણ લાચાર જોવા મળી રહ્યા છે.

પાંચ દિવસ વીતવા છતાં ફરજ પર બેદરકાર સામે હજુ સુધી પગલાં ભર્યા કે નહીં એ પણ એક સવાલ ઉભો થાય છે. પોલીસ વડાને ભલે એમના પોલીસ કર્મીઓ પર વિશ્વાસ હોય પરંતુ પોલીસ વડાના આકરા વલણને કારણે આરોપીઓ પકડવામાં પોલીસ રસ દાખવતી ના હોય એવું હાલના સંજોગોમાં દેખાઈ આવે છે.



# કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

પાલનપુર

તાલુકાના ખીમાણા ગામે રહેતા એક શાહ પરિવારના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા.અને ચોરી કરી પલાયન થઈ ગયા હતા.જેની જાણ પોલીસને થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠામાં ચોરીના બનાવો ચિંતા જનક હદે વધી રહ્યા છે.ત્યારે કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે રહેતા અને સોના-ચાદીના દાગીના,કરીયાણાના વ્યવસાય સાથે સંકળાયેલા રમેશભાઈ શાહ બુધવારે બહાર ગયેલા હતા.તે સમયે તેમના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા.અને મકાનના દરવાનું તાળુ તોડી અંદર પ્રદેશ કરી ઘરમાં પડેલ વસ્તુઓ વેરણસેરણ કરી ચોરી કરી ફરાર ફરાર થઈ ગયા હતા.આ અંગેની જાણ આજુબાજુના લોકોને જાણ થતા પોલીસ તેમજ મકાન માલીકને જાણ કરવામાં આવી હથી.જેથી પોલીસ ઘટના સ્થળે દોડી આવી જીણવટ ભરી તપાસ કરી હતી.મકાન માલીક હાજર ન હોવાથી કેટલાની ચોરી થઈ છે.તે હજુ જાણી શકાયુ નથી પરંતુ આ ઘટનાની વધુ તપાસ શિહોરી પીએસઆઈ પી.જે.જેઠવા ચલાવી રહ્યા છે.



હિંમતનગર રધૂનંદન સોસાયટીમાં રહેતા દિલીપભાઈ રવિશંકર રાવલે ગાંધીનગર સી આઈ ડી ક્રાઈમ બ્રાન્ચમાં ૨૬ વર્ષ અને રેલવે પોલીસ તરીકે ૧૨ વર્ષ ફરજ બજાવીને વય મર્યાદાને લઈને નિવૃત થતા ગાંધીનગર પોલીસ ભવનમાં પીઆઈ ડી કે રાઠોડ અને પીએસઆઈ વી બી ચૌધરીના અધ્યક્ષ સ્થાને ગુરુવારે વિદાય સમારંભ યોજાયો હતો.

# પાલનપુરમાં દુકાનમાંથી ૧.૨૦ લાખની મતાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર

### પોલીસ દ્વારા રાત્રીના સમયે પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવે તેવી માંગ

પાલનપુર શહેરમાં વધતા જતા ચોરીના બનાવોને લઈ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે તેમાં ગત રાત્રીના સુમારે પાલનપુરના શાકમાર્કેટ પાસે આવેલ એક દુકાનના તાળા તોડી તસ્કરોએ દુકાનમાંથી રૂ.૧.૨૦ લાખની મતાની ચોરી કરી પલાયન થઈ જતા આ બાબતે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે.

ઉપરોક્ત બનાવની વિગત એવી છે કે જીતેન્દ્રકુમાર દોલતરામ મુલાણી નામના વેપારી કે જેઓ પાલનપુરના શક્તનગર બ્રિજેશ્વર કોલોની વિસ્તારમાં રહે છે અને પાલનપુર શાક માર્કેટમાં તેમની દુકાન આવેલી છે. તેમાં ગત રાત્રીના સુમારે કોઈ અજાણ્યા ઈસમોએ તેમની દુકાનના દરવાજાના તાળા તથા નકુચા તોડી દુકાનમાં પ્રવેશીને દુકાનમાંથી રોકડ રકમ રૂ.૧,૨૦,૦૦૦ ની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. દરમ્યાન આ બનાવની જાણ થતા જીતેન્દ્રકુમાર દોલતરામ મુલાણીએ આ બાબતે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તેમની ફરીયાદ આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પાલનપુર શહેરમાં ચોરી, અને મર્ડર જેવા ગંભીર ગુનાઓમાં પણ હજુસુધી કેટલાક ગુનાઓના ભેદ ઉકેલી શકાયા નથી ત્યાં એક બાદ એક ગુનાઓ સામે આવી રહ્યા છે ત્યારે આવા બનાવોને લઈ શહેરીજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ધાનેરામાં કેટલાક વેપારીઓ નગરપાલિકાની મહેનત પર પાણી ફેરવે છે

ધાનેરા નગરપાલિકા દ્વારા ધાનેરાને સ્વચ્છ બનાવવા માટે અથાગ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. તો કેટલાક વેપારીઓ નગરપાલિકાની મહેનત ઉપર પાણી ફેરવી રહ્યા છે. નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ સફાઈ કરીને ગયા પછી તે જગ્યા ઉપર વેપારીઓ કચરો અને ગંદી વસ્તુ નાખી રહ્યા છે ત્યારે લોકો પણ કહી રહ્યા છે કે આવા વેપારીઓને પાલિકા પાઠ ભણાવે તેવી લોક માંગ ઉઠવા પામી રહી છે.




ધાનેરા નગરપાલિકા ધ્વારા ધાનેરાને સ્વચ્છ બનાવવા માટે મહા મહેનત કરવામાં આવી રહી છે. પહેલા ઠેર ઠેર ગટરો ઉભરાતી હતી અને ગંદકી ફેલાતી હતી જેનાથી લોકો ત્રાસી ગયા હતા ત્યારે નગરપાલિકા ધ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી ભૂગર્ભ ગટર ચાલુ કરી અને તે બાદ લોકો ગંદકીથી બચી શકે તે માટે દરેક લોકોને ઘરે ઘરે અને દુકાને દુકાને ડસ્ટબીન આપવામાં આવ્યા અને તેના પછી ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાનું ચાલુ કર્યું અને તે પણ સૂકો અને ભીનો કચરો અલગ ભેગા કરવામાં આવે છે જેનાથી ધાનેરાને સ્વચ્છ બનાવી શકે. ધાનેરા નગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા ધાનેરામાં વહેલી સવારે તમામ જાહેર રસ્તાઓ પણ સફાઈ કરવામાં આવે છે ત્યારે કેટલાક વેપારીઓ નગરપાલિકાના આ મહેનત ઉપર પાણી ફેરવતા જોવા મળી રહ્યા છે. ધાનેરા મધુસુદન માર્કેટના પાછળના ભાગમાં નગરપાલિકા સફાઈ કામદારો સફાઈ કરીને ગયા પછી તરત જ કેટલાક વેપારીઓ ધ્વારા ગંદકીવાળો કાચકો નાખી જાહેર રસ્તા ઉપર ગંદકી ફેલાવી હતી અને આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ જતા વેપારીઓ ત્યાંથી પલાયન થઈ ગયા હતા. ત્યારે હવે નગરપાલિકા જાહેર કચરો ફેંકનાર સામે કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.



### ઇનરવ્હીલ કલબ પાલનપુર દ્વારા

## ફ્રી કેન્સર નિદાન કેમ્પ અને ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીકરણ યોજાશે

પાલનપુર, તા. ૨૮

ઈનરવ્હીલ કલબ પાલનપુર દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં કેન્સર માટેની લડતમાં જાગૃતી લાવવા તથા તકલીફવાળા દર્દીઓને મફતમાં નિદાન થાય અને રાહત દરે સારવાર થાય તે હેતુથી ફ્રી કેન્સર નિદાન કેમ્પ અને ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીકરણ પ્રોગ્રામનું આયોજન આગામી તા.૩૧-૩-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ દરમ્યાન પાલનપુરની ખુશ્બુ હોસ્પિટલ તાલુકા પંચાયત સામે કિર્તિસ્તંભ ખાતે કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા શહેરીજનોને અનુરોધ કરાયો છે. નામ નોધાવવા સંપર્ક કરો- પૂર્ણિમાબેન મહેતા - પ્રમુખ ઈનરવ્હીલ કલબ પાલનપુર -૯૯૯૮૯૦૩૯૧૮, સુરેખાબેન શાહ - પ્રોજેક્ટ ચેરમેન તથા સેક્રેટરી ઈનર વ્હીલ ક્લબ - ૨૫૩૧૩૩, પૌલોમી શેઠ - મેડિકલ ચેરમેન - ૨૫૪૦૨૨, ડો.હસમુખ શાહ - ખુશ્બુ હોસ્પિટલ પાલનપુર - ૨૫૨૨૬૧, ડો.નલિન કે. શાહ - ૯૪૨૬૩૭૩૧૬